જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૧/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૧૪૮ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૩૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ– **સમાચાર યાદી નં.૪૯/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ તૃપ્તીબહેન વા/ઓ દિનેશભાઇ રાઠોડ (ઉ.વ.૩૮)(રહે.ગાર્ડન વ્યુ, સન ડીવાઇન–૦૪ ની બાજુમાં, સોલા) એ તા.૧૦/૦૧/૨૦૨૬ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૧૨/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ઉમીયા સર્કલ પાસે સહજ ફ્લેટ સામે રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષએ ભેગામળી તૃપ્તીબહેનના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિમત રૂપિયા ૬૦,૦૦૦/– ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.મિસ્ત્રી ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૫૦/૨૦૨૬**

નિકોલઃ આદિત્ય સ/ઓ અલ્પેશભાઈ પરમાર (ઉ.વ.૧૬)(રહે.ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન, કઠવાડા સિંગરવા રોડ કઠવાડા તા–દસકોઈ જી–અમદાવાદ) તા.૧૦/૦૧/૨૦૨૬ ના કલાક ૧/૪૫ વાગ્યાના સુમારે ખોડલધામ હાઉસિંગ કઠવાડા સાસયટીની આગળ પતંગના મંડપમા આરામ કરતા હતા ત્યારે એક કાર પતંગ સ્ટોલના થાંભલા સાથે અથડાતા સ્ટોલના થાંભલા નીચે પડી જતા, આદિત્ય પરમાર અને તેના મિત્રો વિજય પ્રદીપભાઇ જાટવ (ઉ.વ.૧૭) અને ક્રિષ્ના ભરતભાઇ સોની (ઉ.વ.૧૭)(રહે.કઠવાડા હાઉસિગ) નાઓ મંડપ સરખો કરવા જતા ત્રણેયને વીજ કરંટ લાગતા સારવાર અર્થે ત્રણેયને સીંગરવા હોસ્પીટલ ખાતે લાવતા કલાક ૨/૦૫ વાગે આદિત્ય સ/ઓ અલ્પેશભાઈ પરમાર ને ફરજ પરના ડૉ.શ્રી એ મૃત જાહેર કર્યા હતો અને તેના મિત્રો વિજય અને ક્રિષ્નાને વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પીટલ ખાતે લઈ ગયા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એ.નાયી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૫૧/૨૦૨૬**

શાહીબાગઃ વિજય શંકરભાઇ પટણી (ઉ.વ.૨૪)(રહે.બાબુલાલ પ્રાણલાલની ચાલી મોહન સિનેમા પાસે શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૧/૨૦૨૬ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે ભાડાના રહેણાંક મકાનમા પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર ભીખુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી